# નસવાડીના મહેરબાન જ્યુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,મુ.નસવાડી.

**ફોજદારી કેસ નં. ૩૬૨/૨૨**

**શ્રી સ ર કા ર** **...ફરીયાદી.**

<u>વિરૂધ્ધ</u>

**કુલસીંગભાઈ નાયકાભાઈ ડુ.ભીલ, રહે– છલવાંટા,તા–નસવાડી,જી–છોટાઉદેપુર ...આરોપી**

**ગુનો:–ઈ.પી.કો.ક.૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ અન્વયે..**

**<u>–: ચુ કા દો :–</u>**

(૧)... આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ ધ્વારા **ઈ.પી.કો.ક.૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબનો ગુનો નોધાયેલ છે અને ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમા ચાર્જશીટ કરવામા આવેલ છે. જેમાં આરોપી હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામા આવેલ અને સદર ગુના અંગે પુછતા તેઓએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ હતો.

તેમજ ત્યારબાદ આ કામે આરોપી હાજર ન રહેતા મારા પુરવોગામી વિ.મેજીસ્ટ્રેટ શ્રી ધ્વારા સદર કામ ક્રી.પો.કો.ક.૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ચલાવેલ અને સમગ્ર પુરાવો પુર્ણ કરેલ હતો અને ત્યારબાદ આરોપીને વોરંટ કાઢતા તેઓ હાજર થઈ તેઓનો વોરંટ રદ કરાવેલ અને તેઓએ અત્રેની કોર્ટને આ કામે અગાઉનો પુરાવો નોંધેલ તેની ઉલટતપાસ કરવા માંગતા હોવાની વિનંતી કરી ત્યારબાદ આજરોજ હાજર થઈ આ કામે તેઓએ તે તમામ હકીકતો જણાવી અત્રેની કોર્ટને સદર ગુનાના કામે કબુલાત પુરસીસ રજુ કરેલ છે જે ધ્યાને લેતા, આરોપી સ્વૈચ્છાપુર્વક ગુનો કબૂલ કરવા માંગતા હોઈ, કબૂલાત સ્વીકારી, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આ તબકકે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલો નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સવૈચ્છિક રીતે, કોઈપણ જાતની ધાક–ધમકી કે, દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની ગુના સબંધે પ્લી રેકર્ડ કરતા તેમા પણ, આરોપીએ ગુનો કબુલ હોવાનુ સ્વીકારી અને તેમનો આ પ્રથમ ગુનો હોય અને પોતે નાની ઉંમરના હોય અને ઘરની જવાબદારી તેમના શિરે હોવાનુ જણાવી,તેઓને કોઈ સ્થિર આવક ન હોવાનુ તથા નોકરી કરતા હોય તથા તેઓની આર્થિક પરિસ્થિતી સારી ન હોય અને સદર કેસમાં વારંવાર આવવાની જરૂર પડે તો તેઓને વધુ ખર્ચ થાય અને તેઓની આર્થિક પરિસ્થિતિને અસર થાય તેમ હોય અને જેના કારણે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી પડે તેમ હોય તેઓ ઉપર દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૪)...આરોપીની ગુનાની કબુલાત જોતા, તે સ્વૈચ્છિક હોવાનુ જણાય છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વીકારી, આરોપીની ગુના કબુલાત અંગે ની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે પુરસીસની તમામ હકીકત ધ્યાને લઈ તેમજ ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. તેમજ આ કામના ત.ક.અ. દારે પણ આરોપીનો આ સિવાય બીજો કોઈ આવા પ્રકારનો ગુનો હોય તેવી કોઈ હકીકત ચાર્જશીટ પેપર્સમાં જણાવેલ ન હોવાથી આરોપીનો આ પ્રથમ ગુન્હો હોવાનુ જણાય છે. તેમજ **નામ.ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧),જી.એલ.આર.,પાનુ–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચં**

**દજી ઠાકોર તેમજ ૨૦૧૩ (૨) જી. એલ. આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ આરોપી સામે આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ તથા તેઓની કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકતો ધ્યાને લઈ, તેમજ આરોપી સ્વૈચ્છિક ગુનો કબુલ કરી પસ્તાવો કરતો હોય તેનો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં ઉપરોકત કરેલ ચર્ચાઓ તથા કારણોને આધારે તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયના હીતમાં વ્યાજબી જણાતુ હોઈ, સજા અંગે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે, **ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૭, ૩૩૮** મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી, **કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીએ રૂા.૨૫૦૦/-(અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા)દંડ અને દંડ ન ભરે તો દીન-૫ ની સાદી કેદ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪** મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા અને **આરોપીએ રૂા.૫૦૦/-(અંકે રૂપીયા પાંચસો પુરા)** દંડ અને **દંડ ન ભરે તો દીન-૨** ની સાદી કેદ સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ આ કામે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ હોય તો અપીલ સમય પૂર્ણ થયા બાદ જો તેનો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે હુકમ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ જો કોઈ હુકમ ન હોય તો અપીલ સમય પુર્ણ થયા બાદ તે નિયમ મુજબ તેના માલીકીના આધાર અંગેના પુરાવા રજુ કર્યેથી તેની ખરાઈ કરી તેના માલીકને પરત કરવા અને જો ત્યારબાદ પણ કોઈ કલેઈમ ન કરે તો તેનો નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી-સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૬/૦૬/૨૬.**
**નસવાડી.**

**(ઓવેશખાન લીયાકતખાન પઠાણ)**
**જ્યુ.મેજી.ફ.ક.,નસવાડી.**
**(કોડ નં-જી.જે ૦૧૨૦૭)**